


# 2022
# પીવાના પાણીની ગુણવત્તા અહેવાલનો સારાંશ

LA
DWP

## પાણીની ગુણવત્તા: આ એક મોટી જવાબદારી અને અધિકાર છે

LADWP માટે પાણીની ગુણવત્તા એ માત્ર એક મોટી જવાબદારી જ નહીં, પરંતુ એક મોટો અધિકાર પણ છે, જે આપણી ક્રિયાઓ અને પહેલોને માર્ગદર્શિત કરે છે. 2022 માં, અમે 26,000 થી વધુ નમૂના એકત્રિત કર્યા હતા અને 220,000 થી વધુ પાણીની ગુણવત્તાના પરીક્ષણો કર્યા હતા. આ ઉપરાંત, અમે COVID-19 કટોકટીની ઘોષણા દરમિયાન ફિલ્ડ ટેસ્ટિંગ, સેમ્પલિંગ અને લેબ વિશ્લેષણની સતત, દૈનિક કામગીરીને જાળવી રાખી હતી. ત્રણ વર્ષના અશાંત રોગચાળા દરમિયાન L.A.ની પાણીની ગુણવત્તા અને સલામતી એ આપણા સામૂહિક આરોગ્ય અને મનની શાંતિનો સતત આધારસ્તંભ હતો.

અમે 2022 ના જાન્યુઆરીમાં લોસ એન્જલસ રિઝર્વોયર અલ્ટ્રાવાયોલેટ ડિસઇન્ફેક્શન પ્લાન્ટ (LARUVDP) પણ શરૂ કર્યો હતો, જે 123.8 મિલિયન ડોલરની અત્યાધુનિક જળ શુદ્ધિકરણ સુવિધા છે, જે જળાશયોમાં પીવાના પાણીને સુરક્ષિત રાખવા માટે રાજ્ય અને ફેડરલ નિયમોનું સંપૂર્ણ પાલન કરવાના અમારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરના 20 વર્ષના પ્રયાસને પૂર્ણ કરે છે. તમને આ વર્ષના સંપૂર્ણ અહેવાલમાં L.A.ના પીવાના પાણીનું ચોક્કસ શુદ્ધિકરણ, પરીક્ષણ અને દેખરેખ તેમજ તમામ રાજ્ય અને ફેડરલ પીવાના પાણીના ધોરણો સાથેના તેના પાલનની સાબિતી આપતી વિગતો અને વધુ માહિતી મળશે.

## આબોહવા પરિવર્તનની સ્થિતિમાં એક સ્થિતિસ્થાપક પાણીનો પુરવઠો

2022 માં તીવ્ર દુષ્કાળ ચાલુ હોવા છતાં, લોસ એન્જલસના લોકોએ લગભગ 6 બિલિયન ગેલન પાણી બચાવવામાં મદદ કરી હતી જ્યારે અમારા કર્મચારીઓએ પુરવઠાની માંગને પહોંચી વળવા માટે અસંખ્ય વ્યૂહરચનાઓ વિકસાવી અને અમલમાં મૂકી હતી. આ બધા વચ્ચે પણ, અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે. તેમાંથી પાંચ વર્ષીય તુજુંગા સ્પ્રેડિંગ ગ્રાઉન્ડ્સ એન્હાન્સમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ થયો હતો. આ ગયા શિયાળાના જળપ્રલય સાથે, અમારા 130 મિલિયન ડોલરના સ્ટોર્મવોટર કેપ્ચર માટે કરવામાં આવેલા રોકાણને ઓક્ટોબર 2022 થી માર્ચ 2023 સુધીમાં 33 અબજ ગેલન વરસાદના પાણી સાથે વળતર મળી ગયું છે.

પાણી પુરવઠાની એક મહત્ત્વાકાંક્ષી અને નવીન પહેલ ઓપરેશન નેક્સ્ટ (NEXT) પર પણ કામ ચાલુ રહ્યું હતું, જે આપણા શહેરને આયાતી જળ સંસાધનોને અસર કરતા દુષ્કાળ સામે ઓછું સંવેદનશીલ બનાવવા માટે અદ્યતન શુદ્ધ રિસાયકલ કરેલા પાણીનો ઉપયોગ કરશે. માળખાગત રોકાણોની સાથે સંરક્ષણના પ્રયાસો સ્થિતિસ્થાપક, ભરોસાપાત્ર જળ-જાગરૂક ભવિષ્ય માટે અમારી શ્રેષ્ઠ આશાનું પ્રતિનિધિત્વ કરે છે.

## નિયમનકારી અનુપાલન

અમે 2022 માં, અમારા સમગ્ર જળ તંત્રમાં 237 થી વધુ ઘટકો માટે પરીક્ષણ કર્યું હતું. LADWP ને કોઈ ઉલ્લંઘન પ્રાપ્ત થયું નથી અને તે 2022 માં પીવાના પાણીના તમામ પ્રાથમિક ધોરણોને પૂર્ણ કરે છે.

## કેલિફોર્નિયામાં PFAS અને ડ્રિન્કિંગ વોટર

પોલી-અને પરફ્લુરોઆલ્કાઇલ સબસ્ટન્સ (PFAS) એ કૃત્રિમ (માનવસર્જિત) રસાયણોનું એક જૂથ છે જે છુટા પડતા નથી. તેમાં પરફ્લુરોઓક્ટેનોઇક (PFOA) અને પરફ્લુરોઓક્ટેન સલ્ફોનિક એસિડ્સ (PFOS) નો સમાવેશ થાય છે, જે એક સમયે ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા હતા અને શંકાસ્પદ કર્કરોગ પેદા કરનાર પદાર્થ છે. મોટા ભાગના U.S. ઉત્પાદકોએ સ્વૈચ્છિક રીતે 2000 અને 2002 ની વચ્ચે PFOS અને 2006 માં PFOA ના ઉત્પાદનને તબક્કાવાર બંધ કરી દીધું હતું.

અમે 2013-14 માં પરીક્ષણ શરૂ કર્યું ત્યારથી LADWP એ PFAS માટે આપણા ભૂગર્ભજળ સ્ત્રોતો પર નજર રાખવાનું ચાલુ રાખ્યું છે. માન્ય પરીક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરીને સેંકડો નમૂનાઓનું વિશ્લેષણ કર્યા પછી, અમને અમારા પાણી પુરવઠામાં કોઈ પ્રદૂષણની સમસ્યા મળી નથી. જો કે વ્યક્તિગત કુવાઓમાંથી અમુક નમૂનાઓમાં PFAS મળી આવ્યું હતું, તેમ છતાં, કોઈ પણ કૂવો અમારા ગ્રાહકોને પૂરા પાડવામાં આવતા પાણીનું પ્રતિનિધિત્વ કરતો નથી. વ્યક્તિગત કુવાઓમાંથી પાણી અન્ય કૂવાઓના પાણી સાથે મિશ્રિત કરવામાં આવે છે, અને સપાટી પરના પાણીના શ્રેષ્ઠ જથ્થા સાથે મિશ્રિત કરીને તેને વધુ પાતળું કરવામાં આવે છે તે પહેલા કે તે વિતરણ પ્રણાલીમાં પ્રવેશ કરે. ગ્રાહકો ભરોસો રાખી શકે છે કે LADWP ઉચ્ચ ગુણવત્તાવાળું પીવાનું પાણી પૂરું પાડે છે.

## લોસ એન્જલસમાં સીસા (લીડ) એન્ડ કોપર રૂલ (LCR) નું પાલન

LADWP કાટને નિયંત્રિત કરવાનો અને ગ્રાહકોના સીસાના સંપર્કને ઘટાડવાનો લાંબો અને સફળ ઇતિહાસ ધરાવે છે. અમે ગેલ્વેનાઈઝ્ડ આયર્ન સર્વિસ લાઈનોના ઉપયોગ થતા ભાગને બદલવા જેવી અમારી તમામ LCR પહેલ પર પ્રગતિ કરવાનું ચાલુ રાખ્યું છે. અમે જુના થઇ ગયેલા પાણીના મીટરને ઓછા સીસાવાળા યુનિટ સાથે બદલવાનું ચાલુ રાખ્યું. એકલા 2022 માં જ, અમે 32,825 મીટર બદલ્યા છે. 2018 માં, અમે બાકીની અજાણી યુટિલિટીની માલિકીની સર્વિસ લાઇન્સની ઇન્વેન્ટરીને પૂર્ણ કરી હતી. તેમાં સીસાની સામગ્રીનો સમાવેશ થયો ન હતો.

સૌથી તાજેતરમાં 2020 માં LADWP એ LCR રેસિડેન્શિયલ સેમ્પલિંગ કર્યું હતું. સેમ્પલિંગ પ્રોગ્રામ દરમિયાન, ગ્રાહકોના ઘરોમાંથી 100 પહેલી ધારના એટલે કે સવારના નમૂનાઓ લેવામાં આવ્યા હતા અને પરિણામોએ લીડ માટે 5.0 ppb (બિલિયન દીઠ પાર્ટ્સ) અને તાંબા માટે 394 ppb ની 90મી પર્સેન્ટાઇલ દર્શાવી હતી. બંને મૂલ્યો સીસા માટે 15 ppb અને તાંબા માટે 1300 ppb ના સંબંધિત એક્શન લેવલથી નીચે હતા. આગામી સેમ્પલિંગ 2023માં કરવામાં આવશે.

## સ્ત્રોત પર પાણીની ગુણવત્તાનું રક્ષણ કરવું

### સપાટી પુરવઠો:

2020માં, LADWP એ ઓવેન્સ વેલી અને મોનો બેસિન વોટરશેડ્સનું મૂલ્યાંકન પૂર્ણ કર્યું હતું જે લોસ એન્જલસ એક્વેડક્ટનો પુરવઠો પૂરો પાડે છે. આ સ્ત્રોતો જિયોથર્મલ પ્રવૃત્તિઓ માટે સૌથી વધુ સંવેદનશીલ છે જે ઓવેન્સ નદીમાં પડતી ખાડીઓમાં કુદરતી રીતે થતા આર્સેનિકને મુક્ત કરે છે. 2019માં લોઅર સ્ટોન કેન્યોન રિઝર્વોયર વોટરશેડ અને 2020 માં એનસિનો રિઝર્વોયર વોટરશેડ માટે પણ આકારણી પૂર્ણ કરવામાં આવી હતી. કૃષિ, વન્યજીવન અને જળાશયોના સંગ્રહના અનધિકૃત ઉપયોગ જેવી પ્રવૃત્તિઓ આ વોટરશેડમાં પાણીની ગુણવત્તાને અસર કરે છે. આ પ્રવૃત્તિઓથી પાણીની ગુણવત્તા પરની અસર ન્યૂનતમ માનવામાં આવે છે. LADWP ક્રિપ્ટોસ્પોરિડિયમ અને જિયાર્ડિયા માટે નિયમિતપણે દેખરેખ રાખે છે.  પરિણામો સૂચવે છે કે તેમની હાજરી ભાગ્યે જ જોવા મળે છે અને આ વોટરશેડમાં ખૂબ જ નીચા સ્તરે રહે છે.

### ભૂગર્ભજળનો પુરવઠો:

સાન ફર્નાન્ડો બેસિનમાં ભૂગર્ભજળના સ્ત્રોતોનું મૂલ્યાંકન 2018 માં અપડેટ કરવામાં આવ્યું હતું. સેન્ટ્રલ અને સિલમર બેસિનના સ્ત્રોતોનું મૂલ્યાંકન 2019 માં પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ જલભરની અંદરના કુવાઓ કૃષિ અને ઉત્પાદન પ્રક્રિયાઓ માટે સૌથી વધુ જોખમમાં છે. પીવાના પાણીના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ પાણીના પુરવઠાનું શુદ્ધિકરણ કરવામાં આવે છે અને અન્ય સ્ત્રોતોના પાણી સાથે મિશ્રિત કરવામાં આવે છે.

## MWD પાસેથી ખરીદીને આયાત કરેલો પુરવઠો:

મેટ્રોપોલિટન વોટર ડિસ્ટ્રિક્ટ (MWD) સ્ત્રોત પાણી માટેના તાજેતરના સર્વેક્ષણોમાં કોલોરાડો રિવર વોટરશેડ સેનિટરી સર્વે – 2020 અપડેટ, અને સ્ટેટ વોટર પ્રોજેક્ટ વોટરશેડ સેનિટરી સર્વે – 2021 અપડેટનો સમાવેશ થાય છે. આ સ્ત્રોતોને સૌથી વધુ જોખમ મનોરંજન પ્રવૃત્તિઓ, વરસાદી પાણીના પ્રવાહ, ગંદા પાણીના નિકાલ, વન્યજીવન અને આગ જેવા જળસંગ્રહ-સંબંધિત પરિબળોથી છે.

પાંચમાંથી ત્રણ MWD ટ્રીટમેન્ટ પ્લાન્ટ, લોસ એન્જલસ વિસ્તારમાં પાણી પહોંચાડે છે. MWD તેના પાણીનું લગભગ 400 ઘટકો માટે પરીક્ષણ કરે છે અને તેની વિતરણ વ્યવસ્થામાંથી એકત્ર કરવામાં આવેલા નમૂનાઓ પર દર વર્ષે આશરે 250,000 પાણીની ગુણવત્તાના પરીક્ષણો કરે છે. MWD ના પરિણામોનો કોષ્ટક I, II અને III પરના અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યા છે.

વધુ માહિતી www.ladwp.com/waterquality પર ઉપલબ્ધ 2022 ના સંપૂર્ણ જળ ગુણવત્તા અહેવાલમાં મળી શકે છે. તમારા પીવાના પાણી વિશેના પ્રશ્નો માટે, કૃપા કરીને (213) 367-3182 પર અમારી વોટર ક્વોલિટી હોટલાઇન પર કૉલ કરો અથવા waterqualityoffice@ladwp.com પર અમને ઇમેઇલ કરો.